# હડતાળ પર ઉતરેલા ડોક્ટરોએ અકસ્માતમાં મૃત્યુ પામેલાનું પીએમ કરવાની ના પાડી

ચોટીલા

ભીમગઢ ગામના ૫૫ વર્ષીય ખેડૂત ધનજીભાઈ ઓઘડભાઈ ઝાંપડિયા ભત્રીજા પ્રવીણભાઈ, ભત્રીજી કૈલાશબહેન સાથે સવારે ટ્રેક્ટર લઈને રાજકોટ નજીક પીપળિયા ગામે રહેતી દીકરીને ત્યાં જઈ રહ્યા હતા. આ સમયે આઈશર ટ્રકની ટક્કર વાગતાં અકસ્માત સર્જાયો હતો. કોઈએ '૧૦૮'ને જાણ કરતાં પ્રથમ ઈજાગ્રસ્તને ખાનગી હૉસ્પિટલે લઈ જવાયા હતા. ધનજીભાઈ ઉપર ટ્રક આવી જતાં રસ્તો બ્લોક કરી ક્રેનથી બહાર કઢાયા હતા પરંતુ સારવાર મળે તે પહેલાં જ તેમનું મૃત્યુ થયું હતું. '૧૦૮' દ્વારા સરકારી હૉસ્પિટલ પોસ્ટ મોર્ટમ માટે મૃતદેહ લાવતાં હડતાળને કારણે મૃતદેહ સ્વીકારવાની ના પાડતાં ૨.૫ કલાક સુધી રઝળ્યો હતો. સેવાભાવી હરેશભાઈ ચૌહાણ સહિતનાએ કલેક્ટર, નાયબ કલેક્ટર સહિતના અધિકારીઓને જાણ કરતાં ઉચ્ચ અધિકારીઓ દોડી આવતા અંતે આરોગ્ય વિભો મહિલા ડૉક્ટરને મોકલી પોસ્ટ મોર્ટમ કરાવ્યું હતું. તબીબોની હડતાળનો ચોથો દિવસ વિતવા છતા કોઈ નિકારણ ન આવતા દર્દીઓએ ધીરજ ગુમાવી હતી. સારવાર માટે ગાંધી હોસ્પિટલે દોડી આવેલા દર્દીઓએ રોષ સાથે જણાવ્યું હતુ કે, નર્સિંગ સહિતનો સ્ટાફ હાજર રાખો છો અને સારવાર કરતા નથી. ધ્રાંગધ્રા દર્દી સાથે આવેલા વિજયભાઈ ભરવાડ અને કમલેશભાઈ વગેરે જણાવ્યું કે, ૨ દિવસથી સારવાર માટે આવીએ છીએ પણ અહીં નર્સ સ્ટાફ, પટ્ટાવાળા સહિતના સ્ટાફ હાજર હોય ડૉક્ટર નથી તો અમે કેમ દવા કે સારવાર આપીએ તેવુ જણાવે છે. ગાંધી હોસ્પિટલના મુખ્ય દરવાજાઓને તાળા મારી દો. જ્યારે ૧ કિશોરને એકાએક આંચકી આવતા સારવાર માટે લાવતા તેને પણ સારવાર મળી ન હતી. અમે સુરેન્દ્રનગર શાંતિનગરમાં રહીએ છીએ. અમારી અઢી વર્ષની દેવાંશીને કૂતરું કરડ્યું એટલે ગાંધી હોસ્પિટલમાં સારવાર માટે આવતા ગુરુવારે આવજો તેવું કહ્યું હતું. જ્યારે ગુરૂવારે આવ્યા હોત હડતાલના કારણે દીકરીને સારવાર નહીં મળે તેવું જણાવવામાં આવે છે. મારું નામ લાલજીભાઈ વેલાભાઈ ભરવાડ છે. હું ધ્રાંગધ્રા રહું છું. મને હિમોફિલિયાની બીમારી છે. તેની સારવાર માટે ગાંધી હોસ્પિટલે અવારનવાર આવું છું. જેમાં મને સમયાંતરે ફેક્ટ નામનું ઈન્જેકશન લેવું પડે છે. ૪-૫ દિવસમાં આ ઈન્જેકશન ન મળે વધુ તબિયત બગડે છે. આ હોસ્પિટલમાં ૨ દિવસથી ધક્કા ખાઉ છું, મને કહે છે કે બહારથી ઈન્જેકશન લઈ લો. બહારથી ઈન્જેકશન લઈએ તો ૨૦,૦૦૦ જેટલો ખર્ચ થાય છે અને આ હોસ્પિટલ સિવાય મળતું નથી. હડતાળના પગલે જિલ્લામાં દરરોજ ૨૫૦૦થી વધુ ઓપીડીને અસર પડે છે.

હડતાળના ચોથા દિવસે યાત્રાધામ ચોટીલાના સરકારી તબીબોએ માનવતા નેવે મૂકી, મોતનો મલાજો જાળવવાનું પણ ચૂક્યા હતા. અકસ્માતમાં મૃત્યુ પામેલા આધેડના મૃતદેહનું પોસ્ટ મોર્ટમ કરવાનો હડતાળિયા તબીબોએ જડતાથી ઈનકાર કરતાં અઢી કલાક સુધી મૃતદેહ રઝળ્યો હતો. લાંબી સમજાવટ પછી પણ ડૉક્ટરોએ અક્કડ વલણ છોડ્યું નહોતું અને આખરો જિલ્લા કલેક્ટરે કાયદાનું ભાન કરાવવાનું કહેતાં આરોગ્ય વિભાગે મહિલા તબીબને મોકલ્યાં હતાં. ત્યાર પછી સવારે ૭ વાગ્યે આવેલા મૃતદેહનું ૯.૩૦ વાગ્યે પોસ્ટ મોર્ટમ કરાયું હતું.

# ભુજના નાળાપા ગામે એક જેસીબી મશીનમાં આગ લાગી ઉઠી હતી

ભુજ, કચ્છ જિલ્લાના અલગ અલગ વિસ્તારમાં હાલ દરરોજ કોઈના કોઈ વાહનમાં આગ લાગવાના બનાવો બની રહ્યા છે. ખાસ કરીને ગઈકાલે બે વાહનોમાં આગની ઘટના બન્યા બાદ નાળાપા પાસે જેસીબીમાં પણ આગ લાગી હતી. આગને કાબુમાં લેવા માટે ભુજ ફાયર વિભાગના વિશાલ ગઢવી, રમેશ ગાગલ, પ્રતીક મકવાણા અને સોહમ ગોસ્વામીએ જહેમત લીધી હતી.ઉનાળો આકરા રૂપ સાથે સપ્ત તાપ વરસાવી રહ્યો છે, જેની સમગ્ર જનજીવન પર અસર વર્તાઈ રહી છે. જેમાં વાહનો પણ બાકાત ના રહેતા હોય તેમ પ્રતિદિન વાહનોમાં આગ લાગવાના બનાવો સામે આવી રહ્યા છે. ભુજ તાલુકાના નાળાપા ગામે એક જેસીબી મશીનમાં આગ લાગી ઉઠી હતી. જેમાં માટીની ખાણમાં કામ કરતાં એક જેસીબી મશીન કોઈ કારણોસર સળગી ઉઠ્યું હતું. જેની જાણ ભુજ ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર ફાઈટરે ઘટનાસ્થળે પહોંચી તુરંત આગને કાબુમાં લીધી હતી.

# હળવદ પાસે નર્મદા કેનાલમાં હજારો માછલીઓના મોત થતાં ચકચાર મચ્યો

મોરબી, હળવદમાંથી પસાર થતી નર્મદા કેનાલો બંધ કરવામાં આવી છે. ત્યારે હળવદ શહેરના જીઆઈડીસી પાછળથી પસાર થતી ધાંગધ્રા બ્રાન્ચની નર્મદા કેનાલ પણ બંધ થઈ છે. જેને લઈ કેનાલમાં રહેલી હજારો માછલીઓના મોત થયા છે. આ માછલીઓના મોતને લઈ જાણકારો કહી રહ્યા છે કે, કેનાલમાં પાણી બંધ થવાને કારણે હાલ જે કેનાલમાં પાણી બચ્યું છે, એટલા પાણીમાં માછલીઓ રહી ન શકે સાથે જ હાલમાં ગરમીનો પારો પણ ઊંચકાયો છે જેથી તાપ અને ગરમીના કારણે પણ આ માછલીઓના મોત થયા હોઈ શકે છે. બીજી તરફ અનેક માછલીઓના મોતથી કેનાલ કાઠે ખેતી કરતા ખેડૂતો પણ દુર્ગંધથી પરેશાન થયા છે. તેમજ માછલીઓના મોતથી જીવદયા પ્રેમીઓમાં કચવાટની લાગણી પ્રસરી છે.હળવદની જીઆઈડીસી પાછળથી પસાર થતી નર્મદા કેનાલમાં હજારો માછલીઓના મોત થયા હોવાનું સામે આવ્યું છે.

# કરણીસેનાએ યુવરાજસિંહ પર લાગેલા કેસ પરત ખેંચવા માંગ કરી

રાજકોટ, સરકારી ભરતીની તૈયારી કરતાં વિદ્યાર્થીઓમાં લોકપ્રિય વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાની ધરપકડ કરવામાં આવી છે. યુવરાજસિંહ વિરુદ્ધ પોલીસ પર હુમલો કરવા અને પોલીસ કામગીરી વિક્ષેપ કરવા બદલ ૩૦૭, ૧૧૪ અને ૩૩૨ જેવી કલમો લગાવવામાં આવી છે જેનો સમગ્ર ગુજરાતમાં વિરોધ જોવા મળી રહ્યો છે. રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કરણી સેના દ્વારા આવેદન પત્ર પાઠવી યુવરાજસિંહને ન્યાય આપો સુત્રોચાર કર્યા હતા. સરકાર સામે વિદ્યાર્થીઓના પ્રશ્ને અવાજ ઉઠાવતા યુવરાજસિંહ સામે ખોટી રીતે ફરિયાદો કરવામાં આવી રહી છે. ભૂતકાળમાં અનેક પરીક્ષાઓમાં ગેરરીતિ થતી ના પર્દાફાશ યુવરાજસિંહએ કર્યા છે આજે પણ નજીકમાં પરીક્ષાઓ આવી રહી છે ૧૦ તારીખે પણ એલઆરડી ની પરીક્ષા આવી રહી છે જેને ધ્યનમાં રાખી સરકારે ખોટી રીતે ઈરાદા પૂર્વક કાવતરું ઘડી ખોટી ફરિયાદ કરી છે જે પરત ખેંચવા અમે સરકાર સામે માંગ કરી છી જો ન્યાય મળશે નહીં તો ઉગ્ર આંદોલન કરતા અચકાશું નહિ.આમ આદમી પાર્ટીના યુવા નેતા યુવરાજસિંહ જાડેજાની ધરપકડ મામલે આજે રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કરણીસેના દ્વારા સુત્રોચાર કરી યુવરાજસિંહને ન્યાય આપો ના નારા લગાવવામાં આવ્યા હતા.

# રાજકોટમાં ધો.૧૨ની વિદ્યાર્થીનીએ નાપાસ થવાના ડરથી આપઘાત કર્યો

રાજકોટ

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવી રહી છે. પરીક્ષાના ટેન્શનને કારણે વિદ્યાર્થીઓ દ્વારા આપઘાતના બનાવો સામે આવી રહ્યા છે, ત્યારે રાજકોટ શહેરમાં બોર્ડની પરીક્ષા ચાલુ થયાના પ્રથમ દિવસે જ સવારે ધોરણ ૧૨ની વિદ્યાર્થિનીએ ઝેરી દવા પી લેતાં ચકચાર મચી ગઈ હતી. નાપાસ થવાના ડરથી વિદ્યાર્થિનીએ આ પગલું ભર્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પરીક્ષાના પ્રથમ દિવસે ઝેરી દવા પીધા બાદ વિદ્યાર્થિનીને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી, પરંતુ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ અંગે ચોટીલા પોલીસે કાગળો કરવા તજવીજ આદરી છે. બનાવની વિગતો અનુસાર, ચોટીલાના ખેરાણા ગામે રહેતી વિદ્યાર્થિનીએ પોતાના ઘરે તા.૨૮/૦૩ના સવારે ઝેરી દવા પી લેતાં તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યારે ૧૦ દિવસની સારવાર બાદ તેનું ગઈકાલે મોડી રાત્રે મોત નીપજ્યું હતું. સગીરા એક ભાઈની એકની એક બહેન હતી. પિતા ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. મૃતક સણોસરામાં આવેલી મોડલ શાળામાં ધો.૧૨માં અભ્યાસ કરતી હતી. ધો.૧૨માં અભ્યાસ કરતી સગીરાની તા.૨૮/૦૩ના રોજ બોર્ડની પરીક્ષા ચાલુ થઈ હતી અને પહેલું પેપર હતું, એ જ દિવસે સવારે ઊઠી પરીક્ષામાં નાપાસ થઈશ તો એવા ડરથી ઝેરી દવા પીધી હતી અને ત્યાર બાદ પિતાને કહ્યું હતું કે પપ્પા, મેં ઝેરી દવા પી લીધી છે, જેથી પરિવારે સગીરાને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. ત્યાં તેની સારવારમાં મૃત્યુ નીપજ્યું હતું. તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે ચોટીલા પોલીસે કાર્યવાહી આદરી છે. આજથી એક સપ્તાહ પહેલાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતી અને રેગ્યુલર સ્ટુડન્ટ તરીકે પરીક્ષા આપી રહેલી વિદ્યાર્થિનીએ બાથરૂમમાં પેટ્રોલ છાંટી અગ્નિસ્નાન કર્યું હતું. ત્યાર બાદ તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી, પરંતુ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. યુવતીએ પરીક્ષાના ડિપ્રેશનમાં આવી જઈને જાતને જલાવી જીવાદોરી ટૂંકાવી લીધી હતી. શહેરની પ્રિયદર્શીની સોસાયટીમાં રહેતી અને ધો.૮માં અભ્યાસ કરતી સગીરાએ રૂમમાં પંખામાં ચૂંદડી બાંધી દેહ લટકાવી દેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિમટલમાં ખસેડાઈ હતી, પરંતુ તબીબે તેને મૃત જાહેર કરતાં સ્વદજનોમાં કલ્પાંવત સર્જાયો હતો. હોસ્પિ ટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રમેશભાઈએ જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાતનું કારણ પણ બહાર આવ્યુંહ નથી. આપઘાતનું કારણ પરિવારજનો જાણતા ન હોવાથી પોલીસે તપાસ યથાવત્ રાખી છે. રાજકોટ શહેરમાં ૨ દિવસ પહેલાં કોલેજિયન યુવતીએ પરીક્ષામાં પેપર નબળું જતાં ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ શહેરના મવડી રોડ શોભના સોસાયટીમાં રહેતી અને કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી શ્વેતા મનસુખ હાપલિયા (ઉં.વ.૨૦) બી.કોમ.નું છેલ્લું પેપર દઈને ઘરે આવ્યા બાદ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. કોલેજિયન યુવતી ઘરે ઊલટી કરવા લાગતાં પરિવારને જાણ થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાઈ હતી, જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.રાજકોટ જાણે આપઘાતનું કેપિટલ બની ગયું હોય એમ દિન-પ્રતિદિન ભણતરના ભારથી ભયભીત થતા વિદ્યાર્થિનીઓ મોતને વહાલુ કરી રહી છે. હજુ ૨ દિવસ પહેલાં કોલેજની પરીક્ષા આપી છાત્રાએ જિંદગી ટૂંકાવી હતી.

# રક્ષાશક્તિ યુનિવર્સિટીમાં પ્રથમ મેરીટાઈમ ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, દેશની પ્રથમ સ્થાપાયેલ રક્ષાશક્તિ યુનિવર્સિટી ગાંધીનગરમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં એકીકૃત તટીય સમુદ્રી સુરક્ષા અધ્યયન સ્કૂલ એસઆઈસીએમએસએસ દ્વારા રાષ્ટ્રીય સમુદ્રી દિવસની ઉજવણી નિમિત્તે એક કાર્યશાળાનું આયોજન કર્યું હતું. જેમાં સમુદ્રમાં માનવીના પ્રયાસો અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી.રાષ્ટ્રીય સમુદ્રી દિવસની ઉજવણી કરવા પાછળનું કારણ વર્ષ ૧૯૧૯માં મુંબઈથી લંડન જવા માટે ભારતના પ્રથમ વ્યાપારી જહાજની અવરજવરને યાદ કરવાનું છે. આ વ્યાપારી જહાજનું નામ એસએસ લોયલ્ટી હતુ. જેની માલિકી સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની પાસે હતી. આ અવસર પર ભારતીય નેવી, ભારતીય તટરક્ષક દળ તેમજ તટીય સમુદ્રી પોલીસના કામની પ્રસંશા કરવામાં આવી હતી. જેઓ ભારતીય સમુદ્રી તટોની રક્ષા કરે છે. આ પ્રસંગે રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. બિમલ એન પટેલે હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતના ભૌગોલિક અને ઐતિહાસિક મહત્વ વિશે વાત કરી હતી. દેશમાં પહેલી મર્ચન્ટ શીપ એસ.એસ લોયલ્ટીએ વર્ષ ૧૯૧૯માં મુંબઈથી લંડન માટે રવાના થઈ હતી. જે આંતરરાષ્ટ્રીય વ્યાપારની શરૂઆતનું ચિહ્ન છે. ત્યારથી માંડીને અત્યાર સુધી લગભગ ૯૬ ટકા વ્યાપાર અને ૭૪ ટકા મુસાફરી પાણીના માધ્યમથી કરવામાં આવી છે. તેમણે સાગરમાલા વિશે પણ વાત કરી હતી. નેશનલ મેરીટાઈમ ફાઉન્ડેશનના પૂર્વ નિર્દેશક ડો. વિજય સખુજાએ ભારતીય પોર્ટ વિધેયક ૨૦૨૧, પોર્ટ અને તેના બુનિયાદી ઢાંચા, સડક પરિવહનના નિર્માણ માટે વિભિન્ન સરકારી પહેલો વિશે ચર્ચાઓ કરી હતી. તેમણે ઓછા સમયમાં ઓછા ખર્ચે સામાનની હેરફેર થઈ શકે તે માટેની પણ વાત કરી હતી. તેમણે વકીલો, પરામર્શકો, સાઈબર સુરક્ષા અને માહિતીના વિશેષજ્ઞો તથા અન્ય ક્ષેત્રોમાં સમુદ્રી ક્ષેત્રોમાં આપણી સામેના વિવિધ અવસરોને પ્રસ્તુત કરીને યુવાઓને પ્રેરિત કર્યાં હતાં.

# મુખ્યમંત્રીના આશ્વાસન બાદ ગુજરાત ઈન સર્વિસ ડોક્ટર્સ એસોસિએશનએ હડતાળ સમેટી

અમદાવાદ

છેલ્લાં ૩ વર્ષથી ડોક્ટરોના ગ્રેડ પેમાં સુધારો, ક્ષેત્રીય ફેરણી ભથ્થાની માગણી, કોરોના વોરિયર્સ તરીકે ગણતરી કરી ભથ્થા તથા જૂની પેન્શન યોજના લાગુ કરવી તેમજ પ્રમોશન સહિતની માગણીઓ કરી રહ્યા છે. ગુજરાતના ૧૦ હજારથી વધારે સરકારી ડોક્ટરો આ મામલે ૪ એપ્રિલથી અચોક્કસ મુદતની હડતાળ પર ઊતર્યા હતા. રાજ્ય સરકારે ડોક્ટરોની માગણીઓ સંદર્ભે હકારાત્મક અભિગમ દાખવ્યો છે. હવે રાજ્યના સરકારી ડોક્ટરોને ૧ જૂન ૨૦૧૯થી ૨૦ ટકા એનપીપીએ ચૂકવાશે. એ ઉપરાંત એરિયર્સની રકમ પાંચ સરખા હપતામાં ચૂકવવામાં આવશે. જ્યારે બેઝિક અને એનપીપીએની મહત્તમ મર્યાદા ભારત સરકાર મુજબ રૂા.૨ લાખ ૩૭ હજાર ૫૦૦ રૂપિયા નિયત કરાઈ છે. તજજ્ઞ સેવા વર્ગ-૧ના કરારીય / બોન્ડેડ તજજ્ઞોને માસિક ફિક્સ વેતન ૮૪ હજારથી વધારીને હવે ૯૫ હજાર અપાશે તેમજ કરારીય અથવા બોન્ડેડ એમબીબીએસ તબીબોને માસિક ફિક્સ વેતન ૬૩ હજારથી વધારીને ૭૫ હજાર કરાયું છે. હવે ડોક્ટરોની હડતાળનો અંત આવી શકે છે. તબીબોના એનપીપીએની માગણી સંદર્ભે સરકારે ૧ જૂન ૨૦૧૯થી ૨૦ ટકા એનપીપીએની ચુકવણીનો નિર્ણય કર્યો છે. એરિયર્સની રકમ પાંચ સરખા હપતામાં ચૂકવવામાં આવશે, જેમાં પ્રથમ હપતો એપ્રિલ-૨૦૨૨, બીજો હપતો ઓક્ટોબર-૨૦૨૨, ત્રીજો હપતો એપ્રિલ-૨૦૨૩, ચોથો હપતો ઓક્ટોબર-૨૦૨૩ અને પાંચમો હપતો એપ્રિલ-૨૦૨૪ના રોજ ચૂકવવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે બેઝિક અને એનપીપીએની મહત્તમ મર્યાદા ભારત સરકાર મુજબ ૨ લાખ ૩૭ હજાર ૫૦૦ રૂપિયા નિયત કરવામાં આવી છે. એ સંદર્ભે રાજ્યના જે ઉમેદવારોએ ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષા પાસ કરી હોય તેમની તમામ એડહોક સેવાઓ નિયમિત કરી સળંગ ગણવામાં આવશે. બાકી રહેતી એડહોક સેવાઓ નિયમિત કરવા અને સળંગ કરવા એડહોક સેલની રચના કરવામાં આવશે. રાજ્યના તજજ્ઞ સેવા વર્ગ-૧ના તબીબોને ૮ વર્ષે ટીકુ કમિશનનો લાભ મળવાપાત્ર રહેશે.રાજ્યભરમાં તબીબોની વિવિધ માગણીઓને લઈને હડતાળ ચાલી રહી છે,

ત્યારે રાજ્ય સરકાર હડતાળિયા ડોક્ટરો સામે ઝૂકી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તરફથી પડતર માગણીઓ અંગે મળેલા આશ્વાસન બાદ ગુજરાત ઈન સર્વિસ ડોક્ટર્સ એસોસિએશનએ હડતાળ સમેટી છે. જીઆઈડીએ સાથે સંકળાયેલા રાજ્યના ૪ હજાર સરકારી ડોક્ટર્સ ડ્યૂટીમાં પરત ફર્યા છે. નોંધનીય છે કે રાજ્યના જીએમટીએ, જીઆઈડીએ, સરકારી ક્લાસ ૧,૨ મેડિકલ ડૉક્ટરો સહિત કુલ ૧૦ હજાર જેટલા તબીબો આ હડતાળમાં જોડાયા હતા.

# રાજકોટ સિવિલમાં દિવ્યાંગ મહિલાને ધક્કા ખવડાવ્યા

રાજકોટ, રાજકોટ સિવિલ હોસ્પિટલમાં આવા જ કરુણ દશ્યો સર્જાયા જ્યારે એક દિવ્યાંગ મહિલા સારવાર કરાવવા આવ્યા, પગે ચાલવામાં અસક્ષમ હોવા છતાં સિવિલ હોસ્પિટલના એકપણ સ્ટાફે તેના માટે વ્હિલચેરની તો વ્યવસ્થા ન કરી પરંતુ હોસ્પિટલના સ્ટાફે તે દિવ્યાંગ મહિલાને ધોમ તડકામાં એકથી બીજા બિલ્ડિંગમાં માત્ર સિક્કા મારવા ધક્કા ખવડાવ્યા. શું એક જ બિલ્ડિંગ, વોર્ડના સ્થળ પર દર્દીને આ સુવિધા ન મળી શકે? રાજકોટ સિવિલ હોસ્પિટલ એ સૌરાષ્ટ્રની સૌથી મોટી હોસ્પિટલ છે. જ્યાં રાજકોટ ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્રભરમાંથી દર્દીઓ સારવાર અર્થે આવતા હોય છે ત્યારે દર્દીઓને સારવારની સાથે આવશ્યક સુવિધાઓ પણ મળે તે જરૂરી છે.રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રોજબરોજ એવાં કરુણ દશ્યો સર્જાય છે કે હોસ્પિટલની સિસ્ટમ, સ્ટાફની માનવતા સામે સવાલ ઊભા થાય છે. એક બાજુ રાજ્ય અને કેન્દ્ર સરકાર કરોડો રૂપિયાના ખર્ચ કરી લોકોને આરોગ્યની સારી સુવિધા મળે તે માટે મહેનત કરતી હોય છે જ્યારે બીજી બાજુ હોસ્પિટલ તંત્ર સુવિધા-વ્યવસ્થાનો સુચાર-યોગ્ય અને દર્દીઓને ઉપયોગી થાય તેવી વ્યવસ્થા નહીં કરતા દર્દીઓ મુશ્કેલીમાં મુકાયા છે.

# ૨ લાખના એમડી ડ્રગ્સના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડતી એસઓજી પોલીસ

જામનગર, જામનગરમાં બસ સ્ટેશન નજીક હોટેલમાં ઉતરેલા બે શખ્સો એમડી ડ્રગ્સ સાથે આવ્યા હોવાની વાતને લઈને એસઓજી પોલીસે દરોડો પાડી બે શખ્સોને ઉઠાવી લીધા છે. પોલીસે બંનેના કબ્જામાંથી ૨૦.૪ ગ્રામથી વધુ ડ્રગ્સ કબજે કર્યું છે. પોલીસે રૂપિયા ૨.૦૪ લાખની કિંમતનું ડ્રગ્સ કબજે કરી ક્યાંથી ડ્રગ્સ લઈ આવી, કોને સપ્લાય કરવાની ફિરાકમાં હતા? આ બાબતોનો તાગ મેળવવા તપાસ હાથ ધરી છે. તેમજ ડ્રગ્સના જામનગરમાં ફેલાયેલા નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે બંને શખ્સો સામે ફરિયાદ નોંધી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. જામનગરમાં મોડી રાત્રે એસઓજી પોલીસે સ્થાનિક વહીવટી તંત્રના અધિકારીની હાજરીમાં ઓપરેશન પાર પાડ્યું હતું. શહેરના બસ સ્ટેશનની સામે આવેલ હરસિદ્ધિ બિલ્ડીંગમાં બે શખ્સો ડ્રગ્સ સાથે ઉતર્યા હોવાની એસઓજી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે પોલીસે તાબડતોબ કાર્યવાહી શરૂ કરી હતી. રાત્રે અગિયાર વાગ્યે એસઓજીનો સ્ટાફ બસ સ્ટેશન વિસ્તારમાં પહોંચ્યો હતો. જ્યાંથી પોલીસે મોહસીન ઉર્ફે મુસો મહેબુબભાઈ રૂમી અને રીઝવાન મહમદભાઈ કારેઝા નામના બે શખ્સોને ઉઠાવી લીધા હતા. જામનગરના જ બંને શખ્સોના કબ્જામાંથી પોલીસે ૨૦.૪ ગ્રામ એમડી ડ્રગ્સ કબજે કર્યું હતું. રૂપિયા ૨.૦૪ લાખની કિંમતનું ડ્રગ્સ કબજે કરી પોલીસે બંને આરોપીની ધરપકડક કરી હતી. બંને સામે પોલીસે એનડીપીએસ એક્ટ મુજબ કાર્યવાહી કરી હતી. હાથ ધરવામાં આવેલા પોલીસના ઓપરેશન વેળાએ લોકોના ટોળા એકત્ર થયા હતા. આ વિસ્તારમાંથી કોઈ આતંકવાદીઓ પકડાયા હોય એવી વાત પ્રસરી જતાં લોકોના ટોળા બસ સ્ટેન્ડ વિસ્તારમાં પહોચ્યાં હતાં. પોલીસે બંને શખ્સોની વિધિવત પૂછપરછ કરવા માટે કોર્ટ સમક્ષ રજૂ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# પાટણ જિલ્લા ભાજપ ડોક્ટર સેલનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

પાટણ, કાર્યક્રમની શરૂઆતમાં પાટણ જિલ્લા ડોક્ટર સેલના સંયોજક ડો. અંબાલાલ પટેલ સહિત તેમની ટીમ દ્વારા જિલ્લા ભાજપ પ્રમુખ ડો. દશરથજી ઠાકોરનું મોમેન્ટો આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૬ કુપોષિત બાળકોને પોષિત આહારની કીટ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં ડોક્ટર સેલ નાં ડો.અંબાલાલ પટેલે ઉપસ્થિત મહાનુભાવો સહિત પાટણ નાં તબીબો ને આવકાર્યા હતા.તો સિનિયર ડોક્ટરો ને ઉપસ્થિત મહાનુભાવોના વરદ્ હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પાટણના પૂર્વ ધારાસભ્ય રણછોડભાઈ દેસાઈએ પાટણ જિલ્લા ડોક્ટર સેલની કામગીરી ને બિરદાવી સેવાના લક્ષ સાથે કામ કરી રહેલ ભારતીય જનતા પાર્ટીના કાર્ય માં પાટણ જિલ્લા ડોક્ટર સેલ સહભાગી બની રહે તેવી આશા વ્યક્ત કરી પાટણના ડોક્ટરોની સાથે રહેવાની નેમ જાહેર કરી હતી. જનસંઘની સ્થાપના સમયે તમામ સમાજોની સાથે ડોક્ટરો ભારતીય જનતા પાર્ટી સાથે સંકળાયેલા રહ્યા છે. ત્યારે અન્ય પાર્ટીઓ પારિવારિક બની રહી છે. આનંદીબેન પટેલ અને નરેન્દ્રભાઈ મોદીની દેન છે. તેમણે કુપોષણને દુર કરવા ડોક્ટર સેલ કામ કરશે તેવી અપીલ કરી હતી. ભાજપ માટે ડોક્ટર સેલ કામ કરી રહી છે. ત્યારે જિલ્લાના ડોક્ટરો વધુમાં વધુ ભાજપમાં જોડાય તે માટે અપીલ કરી જિલ્લામાં ૧૨૫૯ કુપોષિત બાળકોને પોષિત બનાવવા આહવાન કરી ડોક્ટર સેલનો આભાર વ્યક્ત કર્યો હતો.આ કાર્યક્રમમાં શહેર પ્રમુખ કિશોર મહેશ્વરી, ગૌરવ મોદી બાબુભાઈ પ્રજાપતિ સહિત પાટણ શહેર સહિત જિલ્લાભર માંથી ડોક્ટરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ભારતીય જનતા પાર્ટી પાટણ અને જિલ્લા ડોક્ટર સેલનો વિશ્વ સ્વાસ્થ દિન નિમિત્તે શહેરના શાકાર પાર્ટી પ્લોટ ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. સાથે જ શહેર અને જિલ્લામાં કુપોષિત બાળકોને સુપોષિત કઈ રીતે બનાવી શકાય તે માટેનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં પાટણ જિલ્લા ભાજપ પ્રમુખ ડો. દશરથજી ઠાકોર, પૂર્વ પ્રદેશ ભાજપ મહામંત્રી કે.સી.પટેલ, પૂર્વ પંચાયત મંત્રી રણછોડભાઈ દેસાઈ, પાટણ જિલ્લા ડોક્ટર સેલના પ્રભારી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરાના પાદરામાં ૪ જુગારીઓને ૧.૨૭ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા

વડોદરા, વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા બાતમીના આધારે દરોડો પાડીને આઈપીએલ મેચ પર સટ્ટો રમાડવાનું નેટવર્ક ઝડપી પાડવામાં આવ્યું હતું. સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા આરોપીના મકાનમાંથી ૧૦ મોબાઈલ ફોન, લેપટોપ, ટેબ્લેટ સહિત હિસાબો લખેલી બુક કબજે લીધી હતી. હિસાબોમાં લખેલા નામો પ્રમાણે સ્ટેટ મોનિટરિંગ સેલે ૪૮ જેટલા આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યાં હતા. જ્યારે સટ્ટો રમાડવાનું નેટવર્ક ચલાવતા ૪ સટ્ટોડિયાની ધરપકડ કરીને કાર્યવાહી હાથ ધરી છે અને ૧.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સ્ટેટ મોનિટરિંગ સેલનો ચાર્જ જ્યારથીની નિર્લિપ્ત રાયે સંભાળ્યો છે. ત્યારથી સ્ટેટ મોનિટરિંગ સેલે જાહેર જનતા સાથે વધુ નિકટતાથી સંપર્ક બનાવવાનું શરુ કરી દીધું છે. જેમાં નિર્લિપ્ત રાય સ્ટેટ મોનિટરિંગ સેલને મળતી દરેક ફરિયાદોને ખુબ સતર્કતાથી મોનિટરિંગ કરે છે અને ત્વરિત એક્શન પણ લેવામાં આવે છે. જેમાં વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના પાદરા ટાઉનમાં આવેલી નારયણનગર સોસાયટીમાં આઈપીએલ મેચ પર સટ્ટો રમાડવામાં આવતો હોવાની માહિતીના આધારે દરોડો પાડતા સ્થળ પરથી ચાર આરોપીઓ મળી આવ્યા હતા. મુંબઈ–કોલકત્તા વચ્ચેની મેચમાં સટ્ટો રમાડ્યો હોવાની વિગતો સ્થળ પરથી મળી હતી. સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે સટ્ટો રમાડનાર મુખ્ય આરોપી અલતાફહુસેન અહેમદભાઈ મણીયાર (ઉ.૪૨),(રહે. બી-૬૯ મસીહાપાકટ જાસપુર રોડ પાદરા જીલ્લો વડોદરા), સાહિલ યુસફભાઈ જાની (ઉ.૨૨), (રહે. ઘર નંબર- બી/૧૧ નારાયણનગર સોસાયટી વાત્સલ્ય હોક્સ્પટલ પાછળ પાદરા તાલુકો પાદરા જિલ્લો વડોદરા), અસફાકભાઈ મહમદભાઈ મલેક (ઉ.૩૯), (રહે. ઉંચીપોળ, પાદરા તાલુકો પાદરા જિલ્લો વડોદરા), સિધાર્થ કિરણભાઈ પટેલ (ઉ.૨૭), (રહે. ઘર નંબર-૭ મીલીનકુંજ સોસાયટી સ્ટેશન રોડ પાદરા તાલુકો પાદરા જિલ્લો વડોદરા)ની ધરપકડ કરી હતી. મકાનમાંથી ૧૦ મોબાઈલ ફોન, લેપટોપ, ટેબ્લેટ સહીત હિસાબો લખેલી બુક કબજે લીધી હતી બુકમાં લખેલી વિગતો પ્રમાણે પોલીસે ૪૮ જેટલા ખેલીઓને વોન્ટેડ જાહેર કર્યા હતા.


ICICI Home Finance

**કોર્પોરેટ ઓફીસ :** આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ આઇસીઆઇસીઆઇ એચએફસી ટાવર, અંધેરી–કુર્લા રોડ, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૯, ભારત.

**શાખા ઓફીસ :** આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, ક્રિષ્ના કેપિટલ, ચોથો માળ, રિયલ પિઝા ઉપર, બેંક ઓફ બરોડા પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ-૩૬૨૦૦૧

**શાખા ઓફીસ :** આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, યુનિટ નં. ૦૩, પહેલો માળ, શાંતી કોમ્પલેક્ષ, પ્લોટ નં. પી-૫૦/૧, જી.આઇ.ડી.સી. પાછળ, ૨૧ સેન્ચુરી હોસ્પિટલ, વાપી-૩૯૬૧૯૫

**શાખા ઓફીસ :** આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, શોપ નં. ૭-૮, પહેલો માળ, લાભ ૧, બસ સ્ટેન્ડ રોડ, એમ પી શાહ આર્ટસ ઓફ સાયન્સ કોલેજ સામે, કોટક બેંક પાસે, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧.

(જુઓ નિયમ ૮(૬) ની જોગવાઇઓ)

**સ્થાવર મિલકતોના વેચાણ માટેની નોટીસ**

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ (૬) ની જ્વોગાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ. આથી ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારીને ગીરો/ચાર્જડ કરાયેલ છે, જેનો સાંકેતિક કબજો આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડના અધિકૃત અધિકારીએ લઇ લીધો છે, "જેનું જ્યાં છે", "જે છે" અને "જેમ છે" ના ધોરણે નીચે જણાવેલ ટુંકી વિગતો મુજબ વેચાણ કરવામાં આવશે.

| ક્રમ નં. | દેવાદારો, સહ-દેવાદારો/જામીનદારો / કાનુની વારસદારોનાં નામ / લોન એકાઉન્ટ નંબર | સિક્યોર્ડ મિલકત(તો) ની વિગતો જાણમાં હોય તેવા બોજા, જો કોઇ હોય તો | બાકીની રકમ | રિઝર્વ કિંમત અર્નેસ્ટ મની ડિપોઝીટ | મિલકત નિરીક્ષણની તારીખ અને સમય | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| એ | બી | સી | ડી | ઇ | એફ | જી |
| 1. | કિરીટભાઇ ગોકળભાઇ અઘેરા (દેવાદાર), જલ્પાબેન કિરીટભાઇ અઘેરા (સહ-દેવાદાર) Account No. LHRAJ00001298247 | રેવન્યુ સર્વે નં. ૨૭ પૈકી, પ્લોટ નં. ૭૭ અને ૭૮, પ્રાજીત એપાર્ટમેન્ટ, ત્રીજો માળ, ફ્લેટ નં. ૩૦૨, ખાખી નગર-૨, જોગી પેટ્રોલ પંપ પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ | રૂા. ૨૭,૭૩,૦૩૧.૮૯/- (૦૮ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ) | Rs. 24,90, 000/- Rs. 2,49, 000/- | May 06, 2022 from 11:00 AM to 03:00 PM | May 10, 2022 from 02:00 PM to 03:00 PM |
| 2. | રચના પ્રજાપતી (દેવાદાર) રામ શંકર પરશુરામ પ્રજાપતી (સહ-દેવાદાર) Loan Account No. LHVPI00001280679 | પ્લોટ નં. ૧૦૨, પહેલો માળ, બિલ્ડીંગ નં. એફ/૨, શિવ શક્તિ ટાઉનશિપ, દાદા આદિશ્વર જૈન મંદિર પાસે, આરકેએમ સ્કુલ ઉદાવાડા ભાગવાડા રોડ, મોજે-ઉદાવાડા, તલપારડી, જિલ્લો-વલસાડ | રૂા. ૨૬,૪૯,૦૪૯.૬૭/- (૦૮ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ) | Rs. 21,56, 000/- Rs. 2,15, 600/- | May 06, 2022 from 11:00 AM to 03:00 PM | May 10, 2022 from 02:00 PM to 03:00 PM |
| 3. | ગોપાલભાઇ જમનભાઇ ઝાલા (દેવાદાર), શ્રી નિખિલકુમાર જી. ઝાલા (સહ-દેવાદાર) Loan Account No. LHRAJ00001312446/ LHRAJ00001312447 | રેવન્યુ સર્વે નં. ૧૩૦ ૧ પૈકી ૧ સુકુન રેસિડેન્સી, ખામધ્રોલ રેલ્વે ક્રોસિંગ પાસે, ખામધ્રોલ જુનાગઢ ગુજરાત-૩૬૨૦૦૧ | રૂા. ૧૩,૬૯,૩૬૪/- (૦૮ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ) | Rs. 22,49, 000/- Rs. 2,24, 900/- | May 06, 2022 from 11:00 AM to 03:00 PM | May 10, 2022 from 02:00 PM to 03:00 PM |
| 4. | યોગેન્દ્રસિંહ નાગજીભાઇ મહોદ (દેવાદાર) રશ્મિબા યોગેન્દ્રસિંહ મહોદ (સહ-દેવાદાર) Loan Account No. NHSNR00001274443 | રેસિડેન્સીયલ હાઉસ રેવન્યુ સર્વે નં. ૧૯૧ ૧ પૈકી ૧૯૯ ૧ પૈકી ૧ ૨૦૧ ૧ પૈકી ૨૦૨ પૈકી ૨૦૩ પૈકી ૧ પ્લોટ પૈકી પ્લોટ નં. ૩૫ ઉત્તર બાજુની જમીન, મુકામ-ધાંગધ્રાં થી માળિયા હાઇવે સુખપર ગામ-હળવદ | રૂા. ૧૩,૩૧,૯૨૧.૭૪/- (૦૮ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ) | Rs. 9,49, 000/- Rs.94, 900/- | May 06, 2022 from 11:00 AM to 03:00 PM | May 10, 2022 from 02:00 PM to 03:00 PM |

ઓનલાઇન હરાજી અમારી હરાજી એજન્સી ઓક્શન ટાઇગરની વેબસાઇટ (યુઆરએલ લિંક https://sarfaesi.auctiontiger.net/EPROC/) પર આ યોજાશે. ગીરવેદારોને આ નોટીસ દ્વારા ૦૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી કુલ બાકી રકમ તેમજ ચડત વ્યાજ ચુકવવાની છેલી તક આપવામાં આવે છે, નહીતર આ સિક્યોર્ડ મિલકતો ઉપર જણાવેલ શીડ્યુલ મુજબ વેચવામાં આવશે.

ભાવી બીડર(રો)એ ૦૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૦૪.૦૦ વાગ્યા સુધી અથવા એ પહેલા આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, ક્રિષ્ના કેપિટલ, ચોથો માળ, રીયલ પિઝા ઉપર, બેંક ઓફ બરોડા પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ-૩૬૨૦૦૧ ખાતે અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) (કોલમ ઇ જુઓ) આરટીજીએસ/ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) જમા કરાવવી ફરજિયાત છે. નોંધ લણવી કે જો ભાવી બીડરો ઉપર જણાવેલ સમયાનુંસાર તેની ઓફરો જમા કરવા સક્ષમ ન હોય તો પછી તેઓ ટેન્ડર દસ્તાવેજોની સહી કરેલ નકલ આઇસીઆસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, ક્રિષ્ના કેપિટલ, ચોથો માળ, રીયલ પિઝા ઉપર, બેંક ઓફ બરોડા પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ-૩૬૨૦૦૧ ખાતે ૦૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સાંજે ૦૫.૦૦ વાગ્યે અથવા એ પહેલા જમા કરાવી શકે છે. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) રાષ્ટ્રીયકૃત/શીડ્યુલ્ડ બેંકનો આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ – ઓક્શનની તરફેણમાં જુનાગઢ ખાતે ચુકવવાપાત્ર હોવો જોઇએ.

નિરિક્ષણ, હરાજીની શરતો અને નિયમો અથવા ટેન્ડરો જમા કરવા અંગે વધુ સ્પષ્ટતાઓ માટે આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડનો ૭૦૨૧૦૭૨૮૬૯ ઉપર સંપર્ક કરવો.

અધિકૃત અધિકારી કોઇપણ અન્ય કારણ જણાવ્યા વગર કોઇપણ અથવા તમામ બીડો રદ કરવાનો હક અનામત રાખે છે.

**તારીખ : ૧૦ એપ્રિલ, ૨૦૨૨** — **અધિકૃત અધિકારી,**

**સ્થળ : જુનાગઢ, વલસાડ, સુખપર, ગામ, હળવદ** — **આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ**